# મોડાસા રૂરલ PSI ભરતસિંહ ચૌહાણને અંબાજી મંદિરનો વહીવટ લેવામાં રસ..!!

**મંદિરમાં વહીવટદારને માર મારી બિભસ્ત ગાળો બોલ્યાનો આક્ષેપ**



મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓની દબંગગીરીને લીધે ખાખીને દાગ લાગી રહ્યા છે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ભરતસિંહ ચૌહાણ સામે પોલીસ સ્ટેશન નજીક આવેલા અંબાજી મંદિર અને તેની પાછળ આવેલી બે રૂમનો વહીવટ લેવા માટે મંદિરના યુવાન વહીવટદારને મંદિરમાં પહોંચી ખાખીનો દમ બતાવી બિભસ્ત ગાળો બોલી માર માર્યો હોવાનો સનસનાટી ભર્યો આક્ષેપ યુવક અને તેના પરિવારજનોએ કરતા સમગ્ર મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન નજીક વર્ષો જૂનું માં અંબાના આસ્થાનું પ્રતીક સમાન અંબાજી મંદિર આવેલું છે આ મંદિરની સેવા અને વહીવટ સબલપુરમાં રહેતો એક રબારી પરિવાર પેઢી દર પેઢી કરી રહ્યો છે મંદિરની પાછળ આવેલ બે રૂમનું ભાડું મંદિરના સેવાપૂજાના ખર્ચમાં વાપરવામાં આવે છે હાલ આ મંદિરમાં સેવા પૂજા સહીત વહીવટ ચેતન રબારી નામનો યુવક કરી રહ્યો છે ત્યારે મોડાસા રૂરલ પોલીસમાં થોડા સમય અગાઉ બદલી થઇ આવેલા ભરતસિંહ ચૌહાણે અગમ્ય કારણોસર મંદિરમાં પહોંચી ચેતન રબારીને બેફામ ગાળો બોલી કોંઠલો પકડી રૂરલ પોલીસ સ્ટેશનમાં લઇ આવી દમદાટી આપતા યુવકના પરિવારજનો પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા યુવક અને તેના પરિવારજનો પીએસઆઈ ભરતસિંહ ચૌહાણને બેફામ ગાળો બોલી માર મારવાનું કારણ પૂછવા છતાં ખાખીનો રૂઆબ છાંટતા હોય તેમ ધમકાવતા ભારે હોબાળો થતો યુવકને છોડી મુક્યો હતો. અંબાજી મંદિરનો વહીવટ કરતા ચેતન રબારીએ જણાવ્યું હતું કે મોડાસા રૂરલ પીએસઆઈ વર્ધી પહેર્યા વગર અન્ય પોલીસ કર્મીઓ સાથે મંદિરમાં ધસી આવી મંદિરના બે રૂમમાં રહેતા ભાડુઆતને મકાન ખાલી કરાવી દેવા અને માલસામાન ફેંકી દેવાની બૂમો પાડી કાનના કીડા ખરી પડે તેવી બેફામ ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતાં એકદમ ઉશ્કેરાઈ જઈ મંદિર ખાલી કરી દેવા અને મંદિર પોલીસને સોંપી દેવા જણાવી ચેતન રબારીને ગળામાંથી પકડી માર મારી પોલીસ સ્ટેશનમાં લઈ જઈ દમદાટી આપી હોવાનું અને સાહેબનો ડોળો મંદિરની પાછળ ભાડે આપેલ રૂમના ભાડા પર હોવાનો આક્ષેપ કર્યો હતો અને આ અંગે યુવક અને તેના પરિવારજનો જીલ્લા પોલીસવડાને રજુઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું

**સેબલીયામાં લીમડાના ઝાડમાંથી સફેદ પ્રવાહીની ધારા નિકળતાં કૌતુક**

# આદિવાસી વિસ્તારમાં દેવી ચમત્કાર માની ધૂપ-દિપ શરુ, દર્શન માટે ઉમટતી ભીડ



બાયડ, તા.૧૬

ખેડબ્રહ્મા તાલુકાના સેબલીયા ગામે લીમડાના ઝાડમાંથી અચાનક સફેદ પ્રવાહીની ધારા નિકળતાં સમગ્ર પંથકમાં કૌતૂક છવાયું છે. આદિવાસી વિસ્તારમાં લીમડામાંથી સફેદ પ્રવાહી નિકળવાની ઘટનાને દેવી ચમત્કાર સાથે જોડી ધૂપ-દિપ શરુ થઈ ગયા છે. જ્યારે આ હકીકત આસપાસના ગામોમાં ઝડપથી પ્રસરી જતાં દર્શન માટે ભીડ ઉમટી રહી છે. શિયાળાની સીઝનમાં કડવા લીમડાના વૃક્ષમાંથી સફેદ પ્રવાહી નિકળવાની ઘટનાઓ સમયાંતરે સામે આવતી હોય છે. વનસ્પતિ શાસ્ત્રમાં આ ઘટનાને કુદરતી પ્રક્રીયા ગણવામાં આવતી હોવા છતાં ગ્રામ્ય વિસ્તારોમાં જ્યારે પણ કડવા લીમડામાંથી સફેદ પ્રવાહી નિકળે ત્યારે લોકો તેને ચમત્કાર સાથે અચૂક જોડતા હોય છે. ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસી વિસ્તારના સેબલીયા ગામે ૨ દિવસથી લીમડાના ઝાડમાંથી સફેદ પ્રવાહીની ધારા નિકળી રહી છે. શરુઆતમાં એકાદ-બે લોકોની નજર લીમડા ઉપર ટેકવાઈ હતી જેમાં મુખ્ય થડના મધ્ય ભાગમાંથી ધીરે ધીરે સફેદ પ્રવાહીની ધારામાં વધારો થયો તેમ વધુ ને વધુ લોકટોળાં આ કૌતૂક જોવા માટે ઉમટવા લાગ્યાં છે. ગ્રામ્ય પ્રજામાં આજે પણ વૈજ્ઞાનિક ઘટનાઓ પ્રત્યે જાગૃતતા આવી નથી જેના કારણે લીમડામાંથી નિકળતા પ્રવાહીને મોટાભાગની પ્રજા એક દેવી ચમત્કારની રીતે જોવા લાગી છે અને લીમડાના થડ આગળ ધૂપ-દિપ સાથે પૂંજા અર્ચના શરુ થઈ છે. લીમડામાંથી સફેદ પ્રવાહી ઝરતું હોવાની હકીકત નજીકના ગામો સુધી પ્રસરી ગઈ હોવાથી દર્શન માટે લોકોની ભીડ ઉમટવા લાગી છે. આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનો વ્યાપ વધ્યો હોવા છતાં આજે પણ પ્રજામાં અંધશ્રદ્ધા અકબંધ રહી હોવાના કારણે લીમડામાંથી ઝરતા સફેદ પ્રવાહીની વાત વાયુવેગે પ્રસરી હોવાના કારણે સેબલીયા ઉપરાંત દીગથલી, હિંગટીયા, પાંચમુડા, પાટડીયા અને બાંડીયાનાતળાવ સહિતના ગામોમાંથી લોકો કૌણૂક જોવા દોડી રહ્યા છે.

**આ એક બાષ્પો સર્જનની ક્રિયા - વનસ્પતિ શાસ્ત્રી**

શિયાળામાં લીમડામાંથી સફેદ પ્રવાહી ઝરવાની ઘટનાઓ એક પછી એક બહાર આવી રહી છે ત્યારે મોડાસા કોલેજના વનસ્પતિ શાસ્ત્રના તજજ્ઞ ડૉ.મધુસુધ જાંગીડે જણાવ્યું હતું કે આ એક બાષ્પો સર્જનની કુદરતી પ્રક્રિયા છે જેમાં સૂર્યની જેમ વનસ્પતિની અંદર રહેલું પાણી ગરમ થાય છે તેમ બહાર બાષ્પોસર્જર થતું હોય છે. ગરમાવો પાણીને બાષ્પોમાં પરીવર્તિત કરે છે અને વૃક્ષમાંથી સૂક્ષ્મ છીદ્ર દ્વારા તે બહાર નિકળતું હોય છે.

# પ્રાંતિજ ઉમાધામ ખાતે પાંચમો પાટોત્સવ યોજાયો



પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર માં આવેલ શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ વાડી ખાતે પાંચમો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ રેલ્વેસ્ટેશન જીઈબી પાસે આવેલ શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ ની વાડી ઉમાધામ માં બિરાજમાન રાજરાજેશ્વરી શ્રી ઉમિયા માતાજી , શ્રી અંબે માતાજી , શ્રી ગાયત્રી માતાજી , શ્રી ઉમેશ્વર મહાદેવ , શ્રી કષ્ટભંજન હનુમાનજી , શ્રી ભૈરવદાદા તથા શ્રી ગણપતિ દાદા ના મંદિર નો પાંચમો પાટોત્સવ યોજાયો હતો જેમાં મંદિર પરિષદ માં નવચંડી યજ્ઞ , શ્રી ફળ હોમ સહિત ના કાર્યક્રમો યોજાયા હતાં તો પાંચમા પાટોત્સવ ના મુખ્ય યજમાન રસિકભાઈ પૂંજાભાઈ પટેલ હસ્તે રીતેષભાઈ (ધર્મેન્દ્રભાઈ) અમીનપુર પરિવાર દ્વારા યોજાયો હતો તો રાત્રી સમયે રાસ ગરબા નું પણ યુવક મંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે તો શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ ના ભાઈ બહેનો સહિત આજુબાજુ માં રહેતાં ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને યજ્ઞ દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી તો શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ યુવક મંડળ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# જૈન સોશ્યલ ગ્રુપ અને સંગીની ફોરમ તલોદ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન કરાયું





તલોદ તા ૧૬

જૈન સોશિયલ ગ્રુપ અને સંગીની ફોરમ તલોદ દ્વારાવિવિધ સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ ની સાથે સાથે રચનાત્મક અને સમાજ ઉત્થાન ની પ્રવૃતિ કરવામા આવે છે તાજેતરમાં તલોદ ખાતે મૈત્રી પૂર્ણ ક્રિકેટ મહાસંગ્રામ ભોલા કપ ૨૦૨૩ .. નુ આયોજન કરવામાં આવ્યું હતું ટોટલ ૧૦ ટીમ એ ભાગ લીધો હતોજેમાં બાળકો ની ટીમ મા પારસ ઈલેવન બેનો ની ટીમ મા આર કે ઈલેવન ભાઈ ઓ ની ટીમ મા હેલી ૧૧ ટીમ વિજેતા બની હતી વિજેતા જાહેર થયેલ ટીમને ટ્રોફી જૈન સોશિયલ ગ્રુપ ના પ્રમુખ પ્રણય કુમાર ચીનુભાઈ શાહ અને બેનો ની ટીમ નેસંગીની ફોરમ ના પ્રમુખ દીપા બેન કુવા ડિયા તથા સેક્રેટરી કલ્પાબેન શાહ અને જૈન સોશ્યલ ગ્રુપ ના ઈન્ટર નેશનલ ડિરેકટર પિનાકીન ભાઈ શાહ એ અભીનંદન પાઠવી ટ્રોફી એનાયત કરવામાં આવી હતી

**નવિન એસ.ટી.બસ 2×2નો શુભારંભ**

# ભિલોડાથી જામનગર રૂટની એસ.ટી.બસ સેવાનો શુભારંભ : મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી



ભિલોડા,તા.૧૬

હિંમતનગર ડીવીઝનના ભિલોડા એસ.ટી.બસ ડેપો ધ્વારા ભિલોડા થી જામનગર રૂટ ની નવિન એસ.ટી.બસ (૨x૨) અદ્યતન સુવિધાસભર, આરામદાયક એસ.ટી.બસ સેવા શુભારંભ કરાતા મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી છે.ભિલોડા - મેધરજ ધારાસભ્ય પી.સી.બરંડા, હિંમતનગર એસ.ટી.વિભાગ, D.M.E. આર.બી.વાઘેલાએ લીલી ઝંડી બતાવી નવિન એસ.ટી.બસ ને કુંમકુંમ તિલક કરીને, શ્રીફળ વધેરીને વિધિ-વિધાન પુર્વક પ્રસ્થાન કરાવ્યું હતું. ભિલોડા એસ.ટી.બસ ડેપો મેનેજર એ.કે.બરંડાએ જણાવ્યું કે, ભિલોડા થી જામનગર રૂટ વાયા (હિંમતનગર, અમદાવાદ, લીંબડી, ચોટીલા, રાજકોટ, ધ્રોલ) જામનગર એસ.ટી.બસ ડેપો ખાતે રાત્રે ૮:૩૦ કલાકે પહોંચશે અને જામનગર થી ભિલોડા રૂટ પર સવારે ૬.૩૦ વાગ્યે ઉપડશે અને સાંજે ૫:૦૦ વાગ્યે ભિલોડા ડેપો ખાતે પરત આવશે તેમ જણાવ્યું હતું. ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતિભાઈ પટેલ, રાજેશભાઈ નિનામા, રસીકાબેન ખરાડી, જીગરભાઈ ત્રિવેદી, અમૃતભાઈ નિનામા, નટુભાઈ ગામેતી, સાવનભાઈ ખાંટ,ગીરીશભાઈ ઉપાધ્યાય, રામઅવતાર શર્મા, જગદીશભાઈ પટેલ, ચેતનસિંહ કચ્છાવા , ભિલોડા એસ.ટી.બસ ડેપો T.I. , દિપકભાઈ સુથાર , A.T.I. , સિધ્ધરાજભાઈ નિનામા, જગદીશભાઈ પટેલ (મહામંત્રી, એસ.ટી.મજદુર સંઘ, હિંમતનગર, વિભાગ) , મુકેન્દ્રસિંહ સિસોદિયા, મહેન્દ્રસિંહ ચંપાવત, જગદીશભાઈ નિનામા, રાજેશભાઈ અસારી સહિત એસ.ટી.બસ ડેપોના કર્મચારીઓ, કંન્ડકટરો, ડ્રાઈવરો સહિત મુસાફરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા-અરવલ્લીમાં ધુમ્મસ, હવામાન પલ્ટાવને લઈને પાક ઉત્પાદનમાં ૩૦થી ૪૦ ટકા ઘટાડાની દહેશત

**ઘઉં, ચણા, જીરુના પાકમાં વધુ નુક્સાનની આશંકા**



બાયડ, તા.૧૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક મહિનામાં ધુમ્મસ, હવામાન પલ્ટાવ અને ઠંડી-ગરમીના કારણે પાક ઉત્પાદનમાં ૩૦ થી ૪૦ ટકા ઘટાડાની દહેશત સેવાઈ રહી છે. આગામી સપ્તાહે માવઠું વરસે તો અનેક ખેડૂતો દેવાદાર બને તેવી પણ આશંકા વ્યક્ત થઈ છે. ખાસ કરીને ઘઉં, ચણા, જીરુના પાકમાં ઉત્પાદનને અસર થઈ શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં હમણાંથી પ્રજા એક જ દિવસમાં ત્રણેય ઋતુનો અનુભવ કરતી જોવા મળે છે. સવારે ઠંડી, બપોરે ગરમી અને સાંજે કમોસમી વરસાદના ઓછાયા ખાસ કરીને ખેડૂતોને સતાવી રહ્યા છે. ભલે કમોસમી વરસાદ ન વરસે પરંતુ વાદળો ધોરંભાતાં વાવેતર ઉપર તેની અતિગંભીર અસરો જોવા મળતી હોય છે. જિલ્લામાં પાછલા પખવાડીયા દરમ્યાન વારંવાર ધુમ્મસ અને ત્યાર પછી ઠાર-ઠંડીના કારણે ઘઉં તેમજ જીરુના પાકમાં ક્યાંક રોગચાળો જોવા મળ્યો. રોગચાળો વકરે નહીં તે માટે ખેતી તજજ્ઞોની સલાહ અનુસાર ખેડૂતોએ જંતુનાશક દવાઓનો છંટકાવ કર્યો જેથી ખેત ઉત્પાદન ખર્ચ સતત વધી રહ્યો છે અને વારંવારના હવામાન પલ્ટાવથી રવી પાકની ઉત્પાદન ક્ષમતામાં પણ ૩૦ થી ૪૦ ટકાનો ઘટાડો સંભવ બન્યો છે. હવામાન પલ્ટાવની સૌથી વધુ અસર ઘઉં પછી ચણાના પાક ઉપર જોવા મળી રહી છે. જેથી આ વર્ષે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખેડૂતોને ઘઉં અને ચણાના ઉત્પાદન માટે મૂકેલા અંદાજો ખોટા ઠરે અને ખેતીનો વ્યવસાય ખોટમાં જાય તેવી પૂરેપૂરી આશંકા વ્યક્ત થઈ છે.

**મોનેટરીંગ સેલ અરવલ્લીમાં ત્રાટકી**

# ધનસુરા પોલીસના નાક નીચે આકરૂન્દ રોડ પરથી વરલી-મટકાના જુગારનો પર્દાફાશ,૧૩ ખેલી દબોચ્યા

**સ્ટેટ મોનેટરીંગ સેલના દરોડાથી ધનસુરા પોલીસ, એલસીબી એસઓજી પોલીસની કામગીરી સામે અનેક સવાલ પેદા કર્યા છે**

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લામાં વરલી-મટકાના જુગારની બદી ધીરેધીરે સમગ્ર જીલ્લામાં ફૂલીફાલી છે સ્ટેટ મોનેટરીંગ સેલની ટીમે ધનસુરા પોલીસના નાક નીચે વડાગામ થી આકરૂન્દ તરફ રોડ પર ચાલતા વરલી-મટકાના જુગારધામનો પર્દાફાશ કરી ૧.૫૪ લાખના મુદ્દામાલ સાથે ૧૩ શકુનિઓને દબોચી લીધા હતા વરલી-મટકાનું સ્ટેન્ડ ચલાવતો બિરેન્દ્ર ઉર્ફે પલાબાપુ દલપતસિંહ રાઠોડ સ્ટેટ મોનેટરીંગ સેલને ચકમો આપી ફરાર થઇ ગયો હતો ધનસુરા પોલીસે બીજા દિવસે બિરેન્દ્ર રાઠોડને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ધનસુરાના વડાગામના આકરૂન્દ રોડ પર વરલી-મટકાના હારજીતના આંકડા લખાવવાનો અડ્ડો બિરેન્દ્ર રાઠોડ ઉર્ફે પલાબાપુ રાઠોડ ચલાવતો હોવાની બાતમી સ્ટેટ મોનેટરીંગ સેલને મળતા તાબડતોડ ત્રાટકી જુગારધામ પર પૈસાથી જુગાર રમતા ૧૩ જુગારીઓને દબોચી લઈ તેમની અંગજડતી લેતા રૂ.૨૩૧૬૦ , મોબાઈલ-૯ રૂ.૩૧૫૦૦ તથા બાઈક-૪ મળી કુલ રૂ.૧.૫૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

| શકુનિઓના નામ વાંચો |
|---|
| ૧) જીગ્નેશ મુકુંદ રાવલ (વડાગામ) |
| ૨)અમૃત કોહ્યા ઠાકોર ( ધનસુરા) |
| ૩)યુનુસ આલમ મન્સૂરી (તલોદ-સાબરકાંઠા) |
| ૪)પ્રકાશ રમણ ખાંટ (વડાગામ) |
| ૫)કરણસિંહ ઘનશ્યામસિંહ પરમાર (વડાગામ) |
| ૬)મુકેશ બાલા પરમાર (પાંચ કુહાડા) |
| ૭)છનાજી મંગાજી પરમાર (સાગપુર,તલોદ-સાબરકાંઠા) |
| ૮)કેતન જીવણ ચમાર (સાગપુર,તલોદ-સાબરકાંઠા) |
| ૯)વિજય જીગા મારવાડી (ધનસુરા) |
| ૧૦)જીતેન્દ્ર રમણ ઠાકોર (ધનસુરા) |
| ૧૧) ભુપત ગગજી પરમાર (વડાગામ) |
| ૧૨)મોહન અંબા ઠાકોર (ધનસુરા) |
| ૧૩)રાકેશ અરખા પરમાર (વડાગામ) |
| ૧૪)બિરેન્દ્ર ઉર્ફે પલાબાપુ દલપતસિંહ રાઠોડ (વડાગામ) |

# પ્રાંતિજના માઈભકતોએ શક્તિપીઠ અંબાજીની પરિક્રમાના દર્શન કરી ધન્યતા અનુભવી





પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે થી પણ છેલ્લા ત્રણ દિવસ થી બે બસો ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ માટે રવાના થાય છે જેમા પ્રાંતિજ તપોધન ફડી , કડીયાવાસ તથા નાનીભાગોળ વિસ્તાર માંથી માઇ ભકતો શ્રદ્ધાળુઓ માં જગત જનની ના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.મ રાજયના સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ૧૬ ફેબુઆરી ૨૦૨૩ સુધી પાંચ દિવસ્ય શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ યોજાઈ રહ્યો છે જેમા ગુજરાત સહિત માઈ ભક્તો માં જગત જનની ના ચરણોમા શીશ ઝુકાવવા જાય છે અને માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા પણ માઈ ભકતોને સરળ અને ત્યાંસુધી સરળતાથી પહોચી શકે તે માટે એસટીબસો દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ છે જેમા પ્રાંતિજ ખાતે પણ છેલ્લા ત્રણ દિવસ થી વિવિધ વિસ્તારો માંથી શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ માટે બસોનુ સુંદર આયોજન તંત્ર તથા ભાજપ દ્વારા કરવામા આવી રહ્યુ છે જેમા તારીખ ૧૪ ફેબુઆરી ના દિવસે પણ પ્રાંતિજ ખાતે થી બે બસો શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ ના દર્શન માટે રવાના થઈ હતી જેમા પ્રાંતિજ ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ પદમાબેન રાવલ દ્વારા તથા તંત્ર દ્વારા તપોધન ફડી , કડીયાવાસ સહિત ના વિસ્તારો માથી માઇ ભકતો ને શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ મા લઈ જવા માટે સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ અને તેમને પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન થી છેક અંબાજી સુધી અને રાત્રીના પરત પ્રાંતિજ સુધી લાવવામા આવ્યા હતા તો તંત્ર દ્વારા પણ તેવો માટે ચા નાસ્તો અને જમવાની સગવડ પુરી પાડવામા આવી હતી તો પ્રાંતિજ નાની ભાગોળ થી પણ બસ રવાના થઈ હતી તો મહોત્સવ મા ગબ્બર ટોચ પર પરિક્રમા ના માંગમા આવતા દરેક મંદિરોમા એક સાથે આરતી યોજાઈ હતી અને ખ્યાતનામ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ ની પ્રસ્તુતી કરવામા આવી હતી તો તંત્ર દ્વારા શ્રધ્ધાળુઓને સરળ અને સલમાત સુવિધાઓ મળી રહેતે માટે વહીવટી તંત્ર દ્વારા પણ સુંદર આયોજન વ્યવસ્થા કરવામા આવી હતી તો પ્રાંતિજ ખાતે થી મહોત્સવ ના ત્રીજા દિવસે ૧૨૦ જેટલા શ્રદ્ધાળુઓએ શ્રી ૫૧ શક્તિપીઠ મહોત્સવ નો લાહો લઈ ધન્યતા અનુભવી હતી.